અપીલ અરજી નં.૩૧૪ તા.૨૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી પાંડેસરા પ્લોટ નં.૬૭,૬૮ , શલીયાનગર પ્લોટ નં.૪,૫, સફારી કોમ્પ્લેક્ષ પાછળ, પ્લોટ નં.૯૧, પ્લોટ નં.૧૮૧, જી.આઈડીસી કોલોનીની કોમન જગ્યા, એ–૫૩–૫૪ શુભ પ્લાયમારૂતિ ઈન્ડ. પ્લોટ નં.૧, બીઆરસી સામે મારૂતિ ઈન્ડ, નં.એ–૬ ભંગારવાળો પ્લોટ મારૂતી ઈન્ડ. બુધ્ધ આંબેડકર મંદિર પાછળ, તબેલામાં આ બધી જગ્યાઓ મળી કુલ–૨૦ જેટલા બોરીંગથી ડાઈંગ એન્ડ.પ્રીન્ટીંગમાં પાઈપલાઈન ધ્વારા પાણી સપ્લાય કરવામાં આવે છે જેની તમામ કાયદેસારતા પરવાનગી તેમજ પાઈપ નાખવા માટે રોડ તોડવામાં, ખોદવામાં આવ્યો હશે તેની ખોદકામ પરવાનગી તેમજ આ બોરીંગના માલીકો તથા કઈ કઈકંપનીમાં પાણી આપે છે (૨૦૦૮ થી નવે.૨૦૦૯)ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૪/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી પાન્ડેસરા પ્લોટ નં.૬૭,૬૮ , શલીયાનગર પ્લોટ નં.૪,૫, સફારી કોમ્પ્લેક્ષ પાછળ, પ્લોટ નં.૯૧, પ્લોટ નં.૧૮૧, જી.આઈડીસી કોલોનીની કોમન જગ્યા, એ–૫૩–૫૪ શુભ પ્લાય મારૂતિ ઈન્ડ. પ્લોટ નં.૧, બીઆરસી સામે મારૂતિ ઈન્ડ, નં.એ–૬ ભંગારવાળો પ્લોટ મારૂતી ઈન્ડ. બુધ્ધ આંબેડકર મંદિર પાછળ, તબેલામાં આ બધી જગ્યાઓ મળી કુલ–૨૦ જેટલા બોરીંગથી ડાઈંગ એન્ડ.પ્રીન્ટીંગમાં પાઈપલાઈન ધ્વારા પાણી સપ્લાય કરવામાં આવે છે જેની તમામ કાયદેસરતા પરવાનગી તેમજ પાઈપ નાખવા માટે રોડ તોડવામાં, ખોદવામાં આવ્યો હશે તેની ખોદકામ પરવાનગી તેમજ આ બોરીંગના માલીકો તથા કઈ કઈ કંપનીમાં પાણી આપે છે (૨૦૦૮ થી નવે.૨૦૦૯)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૫૧૧૧ તા.૩૦–૧૧–૦૯ ની આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૦ તા.૫–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) અને અરજદારને અપીલ અરજીમાં ૨૦ જેટલા ડાઈગોંમાં બોરીગ પાઈપ સપ્લાય અંગેના દાવાના સમર્થનમાં આધાર સમર્થન હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ પાઠવેલ પત્રમાં સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાનો આગ્રહ રાખેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ઉધના/આ.નં.૬૧૨૦ તા.૧૫–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૧૧૧ તા.૩૦–૧૧–૦૯ ના પત્રની નકલ જે અરજદારે તા.૨૪–૧૨–૦૯ ના રોજ રૂબરૂ સ્વીકારેલીના શેરાવાળી નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે સા.ઝોન.ઉધનામાં અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૧૧૧ તા.૩૦–૧૧–૦૯ થી અરજદારને " પ્રાઈવેટ બોરીંગવાળાને સુરત મહાનગરપાલિકાના જાહેર રસ્તાઓ ખોદીને ટીપી સ્કીમના રસ્તા પરથી લઈ ડાઈંગ એકમો સુધી પાઈપ લાઈન નાંખવાની પરવાનગી અંગે ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૧. રાધિકા પ્રિન્ટસ પ્રા. લી. ૨.મારૂતિ ટેક્ષ્ટાઈલ પ્રા.લિ. ૩. કલરટેક્ષ ઈન્ડ. પ્રા.લિ. ને રૂા.૪,૩૪,૦૧૫/– રસ્તા ખોદાણ ચાર્જ વસુલ લઈ રસ્તા ખોદાણની પરવાનગી આપવામાં આવેલ છે. " તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી ૨૦ જેટલા બોરીંગ હોવા અને તેના પ્લોટ નંબર આપ્યા હોવાછતાં ફકત ૩ જ બોરીંગની માહિતી મળી છે તો બાકીની માહિતી મળી નથી. બાકીના ગેરકાયદેસરથી ચાલતાં બોરીંગ માટે કયા અધિકારીઓના મેળાપીપણામાં ચાલે છે.તેની માહિતી નમુના–ક માં જણાવ્યા છતાં મળી નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારને અપીલમાં કરેલી રજૂઆત બાબતે અપીલ તબકકે તા.૫–૧–૧૦ ના રોજ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૦ અપીલ અરજીમાં ૨૦ જેટલા ડાઈંગમાં બોરીંગ પાઈપ સપ્લાય અંગેના દાવાના સમર્થનમાં આધાર અને સમર્થન રજૂ કરવા પત્રો પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે સ્થળ તપાસ કરીને માહિતી આપવાનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં પારદર્શીતા જળવવાની ભાવનાને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ કાયદાની કલમ–૭ સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરી લાગત રેકર્ડનું કચેરીના કામ કાજ ના સમય દરમ્યાન દિન–૭ માં ઈન્સ્પેકશન મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયેથી તદનુસાર અમલવારી કરવા તથા તેની જાણ અત્રેના વિભાગને કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,